Z4M5H2

# ૫ પવન ખિજાય તો ગોળ ઝાપટો

**તૈયાર જ હશો તમે ગીતડા માટે!**

ખિસકોલીબહેન ઊઠ્યાં,
ઊઠ્યાં એવાં રૂઠ્યાં!
પીએ નહીં પાણી,
ખાય નહીં ધાણી,
આંબાભાઈ તો કેરી લાવ્યા,
ખિસકોલીબહેન : ''ઊંહું!''
પીપળાભાઈ તો કૂંપળ લાવ્યા,
ખિસકોલીબહેન : ''ઊંહું!''
વડદાદા બહુ ટેટા લાવ્યા,
''ઊંહું!'' કેવળ ''ઊંહું!''
છેવટ આવ્યા લીમડાભાઈ,
નવલી લાવ્યા એક નવાઈ,
મુઠ્ઠી જેવી ખોલી,
દેખી એક લીંબોળી.
રીસ બધી ઝટ છોડી,
લેવા એ લીંબોળી
ઠેક મારતી દોડી.

- ચંદ્રકાન્ત શેઠ

**ગોળની ભીલી પર મકોડા ચિતરો.**






**''ઊંહું ઊંહું'' ખિસકોલીને તો મળ્યા, ચાલો મકોડાભાઈને પણ મળીએ.**

## મકોડાભાઈ ગોળ બનાવતાં શીખ્યા

એક હતાં મકોડીબહેન,
નામ એમનું મંછી. તેમને એક દીકરો મકોડો.
નામ એનું મિન્ટુ.
મિન્ટુભાઈ તો કાળા.
મિન્ટુભાઈ રિસાળવા.
મિન્ટુભાઈ ખૂબ હઠીલા.
મિન્ટુભાઈ તો ગુસ્સાવાળા.

મિન્ટુભાઈ ખિજાય ત્યારે જોવા જેવી થાય.

મિન્ટુભાઈને રીસ ચડે અને ગુસ્સે થાય ત્યારે પોતાની જ પૂંઠ ઉપર બચકું ભરે! અને મોટો ભેંકડો તાણે.

મિન્ટુભાઈને ગોળ ખૂબ ભાવે. રમતા જાય ને ગોળ ખાતા જાય, જમતા જાય ને ગોળ ખાતા જાય, હસતા જાય ને ગોળ ખાતા

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જાય, રડતા જાય ને ગોળ ખાતા જાય, ભણતા જાય ને ગોળ ખાતા જાય. ઊંઘતી વખતે પણ ગોળ ખાતાંખાતાં જ ઊંઘે.

એકવાર આ મિન્ટુભાઈ સાંજે નિશાળેથી ઘરે આવ્યા. મમ્મી પાસે ગોળ માગ્યો. મમ્મી મંછીએ ભાખરીશાક ખાવાનું કહ્યું, પણ આ તો મકોડાભાઈ મિન્ટુ! એમ માને કાંઈ? એ તો રિસાયા, ખૂબ રિસાયા, ખૂબ ખિજાયા અને ગુસ્સામાં ને ગુસ્સામાં પોતાની જ પૂંઠ પર ભર્યું બચકું! હવે તો ખરેખરી જોવા જેવી થઈ. આમ આળોટે તેમ આળોટે પણ પક્કડ છૂટે નહીં. તેમને પકડતાં આવડે પણ મૂકતાં આવડે નહીં. લોહીલુહાણ થઈ ગયા પણ જીદ છોડે એ બીજા! મમ્મી મંછીએ માંડમાંડ બે અંકોડા છૂટા પાડી બચકું છોડાવ્યું, પણ ગોળ લાવો જ લાવોની કડક ઉઘરાણી ચાલુ જ ચાલુ.

મમ્મીએ કહ્યું, ''બે દિવસમાં તો ગોળનો આખો રવો ઝાપટી ગયો તોયે ધરાતો નથી?''

''ઊભો રહે, બાજુમાં કીડી કાકીને ઘેર ગોળ હોય તો લઈ આવું.'' કહી મંછી તો ગઈ કીડીકાકીને ઘેર, અને કહ્યું ''કીડીકાકી, કીડીકાકી થોડોક ગોળ ઉછીનો આપો ને મારો મિન્ટુડો રિસાયો છે.''

''મારે ઘેર તો ખાંડ છે મંછીબહેન. જોઈએ તો લઈ જાઓ.'' મંછી વિચારવા લાગી, 'આ મિન્ટુડાનું શું કરવું?'

એટલામાં એને એકાએક વિચાર આવ્યો. એ તો મિન્ટુને લઈને ઊપડ્યાં રામજીબાપાના ખેતરે. એ...ય... શેરડીનો ઊંચો ઊંચો વાઢ! લીલોછમ વાઢ લહેરાય! ચિચોડા ચિચડક ચિચડક બોલે. ગોળના રવાના થપ્પેથપ્પા લાગેલા જોઈ મિન્ટુભાઈ તો ખુશ ખુશ થઈ ગયા. નાચવા લાગ્યા.

મંછીબહેને રામજીબાપાને કહ્યું, ''બાપા, મારા મિન્ટુડાને ગોળ ખૂબ ભાવે છે. મારે એટલો બધો ગોળ ક્યાંથી લાવવો?''

રામજીબાપાએ હસીને કહ્યું : ''એને મારી પાસે મૂકતાં જાઓ ધરાઈને ગોળ ખાવા મળશે.''

મિન્ટુ તો ખુશ ખુશ થઈ કહેવા લાગ્યો : ''હા, મમ્મી હું અહીં બાપા પાસે રહીશ.''

''પણ મારી સાથે કામ કરવું પડશે.'' બાપાએ કહ્યું. મિન્ટુભાઈ તો રાજીના રેડ થઈ કહેવા લાગ્યા :

''ભલે, બાપા. પણ ગોળ ખાવા તો મળશે ને!''

''અરે, તારે જેટલો ગોળ ખાવો હોય એટલો ખાજે ને! રામજીબાપાએ કહ્યું.

મિન્ટુ તો ગોળના થપ્પા જોતો જાય
આમ જુએ તો બસ ગોળ જ ગોળ,
તેમ જુએ તો ગોળ જ ગોળ,
તાજો તાજો ગોળ, લસલસતો ગોળ,
ગરમ ગરમ ગોળ, રાતો રાતો ગોળ,
આછો પીળો ગોળ, મઘમઘતો ગોળ,
ગળ્યો ગળ્યો ગોળ....

મિન્ટુ મકોડો તો ઊંડા શ્વાસ લઈ મઘમઘતા ગોળની સુગંધ ફેફસાંમાં ભરવા


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લાગ્યો. ગોળ ખાવા તલપાપડ થઈ ગયો ને એના મોંમાં પાણી છૂટવા લાગ્યું. ત્યાં તો બાપાએ એક મોટો દડિયો ભરીને મિન્ટુને તાજોતાજો ગોળ ખાવા આપ્યો. મિન્ટુ તો ગોળ ખાવા મંડી પડ્યો. રાત્રે તો ધરાઈ ધરાઈને શેરડીનો રસ પણ પીધો.

રાત્રે સૂતાંસૂતાં બાપા સાથે મિન્ટુભાઈ તો વાતો કરવા લાગ્યા. વાતમાં ને વાતમાં બાપાને પૂછ્યું ''હેં બાપા, આ ગોળ શામાંથી બને?'' બાપાએ કહ્યું : ''અલ્યા, ગોળ તો શેરડીમાંથી બને.'' વળી પાછા પૂછવા લાગ્યા : ''બાપા ગોળ શેરડીમાંથી કેવી રીતે બનાવાય?''

''એ માટે ચિચોડો જોઈએ.'' બાપાએ કહ્યું.

હવે તો સવાર ક્યારે પડે ને ક્યારે ચિચોડો જોવાય એના વિચારમાં ને વિચારમાં મિન્ટુભાઈ તો ઊંઘી જ ગયા.

સવાર થઈ. મજૂરો કામે લાગી ગયા. શેરડી વઢાય અને ઢગલા થાય. મિન્ટુભાઈ પણ જોર કરીને શેરડીના સાંઠા ઉપાડી ચિચોડા પાસે મૂકતા જાય.

હવે બાપાએ વીજળીની સ્વીચ દબાવી ને ચિચોડો ગાવા લાગ્યો...ચિ...ચ...ડૂ...ક, ચિ...ચ...ડૂક...

કારીગર સાંઠા મૂકતો જાય ને શેરડી પિલાતી જાય, અને રસ પણ ગાતો ગાતો આગળ જાય ધ...લ્...લ્...લ્, ધ...લ્...લ્...લ.

હવે તાલ બરાબર જામ્યો

ચિ...ચ...ડૂ...ક, ચિ...ચ...ડૂ...ક

રસની ડોલો ભરાવા માંડી અને ઠલવાવા લાગી હ...લ્...લ્...લ્...ભઠ્ઠા પર મૂકેલા મસ-મોટા તાવડામાં સ્તો! મિન્ટુભાઈને તો મઝા પડી એ પણ ગાવા લાગ્યા.

ચિ...ચ...ડૂ...ક, ચિ...ચ...ડૂ...ક

ધ...લ્...લ્...લ્, ધ...લ્...લ્...લ.

ગાતા જાય અને ચિચોડામાં સાંઠા મૂકતા જાય ચિ...ચ...ડૂ...ક...ચિ...ચ...ડૂ...ક... ધ...લ્...લ્...લ...હ...લ્...લ્...

મિન્ટુએ પણ એક સાંઠો લઈને ચિચોડામાં નાખ્યો. ચિચોડો ફરતો જાય ને શેરડી પિલાતી જાય... રસ નીકળતો જાય.

બાપાએ કહ્યું : ''જોજે મિન્ટુ, સાંઠાને બદલે તારો હાથ અંદર ન આવી જાય, નહીં તો સાંઠાની માફક પિલાઈ જશે ને એમાંથી ગોળ નહીં થાય.''

પછી તો મોટા તવેથા વડે કારીગર રસ હલાવવા માંડ્યા. ફીણ થાય તો કાઢતા જાય... સુગંધ તો એવી આવે કે મિન્ટુની જીભ લબ્...લબ્ થાય અને રસ ઊકળે ખ...બ...ખ...બ.''

કેટલાક મજૂર...શેરડીના કૂચા ટોપલામાં ભરી તડકે નાખતા જાય... કેટલાક મજૂર તડકે સૂકાયેલા કૂચા ટોપલામાં ભરી ભઠ્ઠામાં નાખતા જાય. મિન્ટુ બોલ્યો : ''વાહ! બાપા! બળતણ માટે કૂચાનો ઉપયોગ! કમાલ કરી.''

સાંજ પડતાં... પડતાં તો ગોળ તૈયાર! લસલસતો ગોળ નાની મોટી ડોલમાં...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ડબલાંમાં ઠાલવવામાં આવ્યો. હવે મિન્ટુને સમજાયું કે ગોળના રવા કેવી રીતે બને છે.

ચાર દિવસમાં મકોડાભાઈ ગોળ બનાવતાં શીખી ગયા અને ઘેર જવાની તૈયારી કરી.

બાપાએ બળદગાડામાં ગોળના દસ-બાર રવા અને શેરડીના સાંઠા મૂકી આપ્યા. ખુશ થતા મિન્ટુભાઈ ઘેર આવ્યા.

બીજા દિવસે મિન્ટુભાઈ તો ગયા નિશાળે! મિત્રો સાથે ગોળ બનાવવાની વાતો કરે ને મસ્ત બનીને ગાયા કરે,

ચિચડૂક... ચિ...ચડૂક

ધલ્લ્લ...ધ...લ્...લ્...લ.

– રમણલાલ સોની 'મસ્તરામ'

- **વાતચીત :**
  - પાઠમાં કયાં વાક્યો વાંચવાની ખૂબ મજા આવી? શા માટે? ત્યાં ☺ દોરો.
  - તમે ક્યારે ક્યારે રિસાઓ છો? શા માટે?
  - રિસાવાથી તમને તમારી ઈચ્છા મુજબની વસ્તુ સરળતાથી મળી જાય છે? ત્યારે તમે શું કરો?
  - જો તમે મિન્ટુ હો તો કઈ વાતે રિસાવાનું પસંદ કરશો? તમે કેવી રીતે રિસાઓ?
  - તમે રિસાઈ જાવ ત્યારે તમને કોણ મનાવે છે? કેવી રીતે?
  - તમારા નાના ભાઈ કે બહેન કોઈ વસ્તુની જીદ કરે અને તે ઘરમાં ન હોય તો તમે શું કરશો?
  - ગોળ બનાવવામાં ઘણી મહેનત થાય છે તે જાણ્યા પછી મિન્ટુ હવે ગોળ ખાવાની જીદ કરશે? શા માટે?
  - મિન્ટુડાનાં બીજાં બે-ત્રણ નામ પાડી લાવજો. કાલે વર્ગમાં કહેજો.
- **ગીતડું ગાઈશુંને ફરીથી? 'ખિસકોલીબહેન ઊઠ્યાં...'**

**વાક્ય સાચું બનાવવા શું કરવું પડશે? તેમ કરો. તે પહેલાં ડાબો હાથ ઊંચો કરો અને મનમાં ૧૨૧ થી ૧૩૧ ગણો.**

૧. મંછીબહેને મિન્ટુડાનું બચકું છોડાવવા મહામહેનતે બે આંકડા/અંકોડા છૂટા પાડ્યા.

૨. મિન્ટુ ગોળ ખાવા માટે એટલું બધું ખિજાયો/રિસાયો કે તેણે ભાખરી-શાક ખાવાની ના પાડી દીધી.

૩. રામજીબાપાના ખેતરમાં શેરડીનો ઊંચો વાટ/વાઢ જોઈને મિન્ટુ નવાઈ પામી ગયો.

૪. રામજીબાપાએ મઘમઘતા, ગરમગરમ ગોળમાંથી મોટો ખડિયો/દડિયો ભરીને મિન્ટુને ગોળ આપ્યો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. રામજીબાપાએ રસની ડોલ ભરીને એને ભઠ્ઠા પર મૂકેલા <u>પાવડામાં/તાવડામાં</u> ઠાલવવા માંડી.

**મિન્ટુડાની બધી વાત હવે તમને ખબર છે. ફરી યાદ કરતાં કરતાં પ્રશ્નોના ઉત્તર લખો.**

૧. મિન્ટુ રિસાય ત્યારે શું કરતો?

૨. મિન્ટુને ગોળ ખૂબ જ ભાવતો હતો તે વાર્તામાંના કયાં વાક્યોને આધારે કહી શકાય? ત્રણ વાક્યો લખો.

૩. મંછીબહેન મિન્ટુને લઈને રામજીબાપાના ખેતરે શા માટે ગયાં?

૪. રામજીબાપાના ખેતરે મિન્ટુએ શું શું જોયું હશે?

૫. વાર્તામાંથી તમને ગમતાં ત્રણ વાક્યો લખો.

**એક જ વાત કઈ કઈ રીતે કહી શકાય? નીચેનાં વાક્યો વાર્તામાં કઈ રીતે બોલાયાં છે? અહીં તે રીતે પણ બોલી બતાવો. તમને બીજી કોઈ રીતે બોલતાં આવડે તો તેમ પણ બોલી બતાવો.**

૧. (ઘરડા દાદાની જેમ, હસતાં-હસતાં) ‘‘બે દિવસમાં તો ગોળનો આખો રવો ઝાપટી ગયો તોય ધરાતો નથી?’’

૨. (ગુસપુસ કરતાં હોય તેમ) ‘‘ઊભો રહે, બાજુમાં કીડીકાકીને ઘેર ગોળ હોય તો લઈ આવું.’’

૩. (રડતાં રડતાં, કાલું બોલતા બાળકની જેમ)‘‘કીડીકાકી કીડીકાકી થોડોક ગોળ ઉછીનો આપો ને! મારો મિન્ટુડો રિસાયો છે.’’

૪. (અભિનય અને નૃત્ય કરતાં કરતાં, સૈનિકના હુકમની જેમ)

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

- **ગીતડુંનો સમય થઈ ગયો, ‘ખિસકોલીબહેન ઊઠ્યાં...’**

**વાક્ય વાંચો. નજીકનો અર્થ ધારો તેની નીચે લીટી કરો.**

૧. શેરડીનો લીલોછમ વાઢ જોઈને શિયાળના મોંમાં પાણી આવી ગયાં.

વાઢ : પાક/મબલક/અનાજ

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. ખેતરમાં જમવા માટે કોઈ વાસણ ન મળ્યું એટલે ઉજ્જવલે થોડી જ વારમાં ખાખરાનાં પાનના દડિયા બનાવી નાખ્યા અને તેમાં મિત્રોને દાળ પીરસી.

**દડિયો : દડાનો પ્રકાર/મોટો વાડકો/પાનમાંથી બનાવેલ પડિયો/લાકડાનું વાસણ**

**સંવાદ વાંચી શબ્દ પ્રયોગનો અર્થ લખો.**

૧. **જોવા જેવી થવી -** .....................

ચેતના : કેતન, જો આ વખતે તું મૂર્ખામી કરીશ તો જોવા જેવી થશે.

કેતન : ચેતના, તું ચિંતા ન કર. હું મારી ફજેતી થાય એવું વર્તન ક્યારેય નહીં કરું.

૨. **તલપાપડ થઈ જવું -** .....................

જયેશ : જનકદાદાની વાર્તાઓ સાંભળવા હું તલપાપડ થઈ જાઉં છું.

સેરેના : હું પણ. એમ થાય કે ક્યારે સાંજ પડે! ખૂબ ઉતાવળા થઈ જવાય.

૩. **રાજીના રેડ થઈ જવું -** .....................

બૉસ્કી : વાર્તાની નવી ચોપડી? માસી, તમે તો મને રાજીની રેડ કરી દીધી.

કીર્તિબહેન : લે, તું તો ખૂબ ખુશ થઈ ગઈ ને! ફરી આવીશ ત્યારે બીજી લાવીશ.

**મિન્ટુડાને તમારે જે કહેવું હોય તે કહો.પણ મજા પડે તેવું.**

**ઉદાહરણ :** તું ગોળ ખાવાની આ જીદ નહિ છોડે તો હું તારી કિટ્ટા કરી દઈશ.

(૧) જો મિન્ટુડા આ લીલોછમ શેરડીનો પાક *લહેરાય*, તારે ગોળ ખાવો હોય તો ........

.......................................................................................................

.......................................................................................................

(૨) હું તને ધરાઈને ગોળ ખવડાવીશ પરંતુ ..................................................

.......................................................................................................

(૩) ગોળના રવા જોઈને ભલે તારા મોંમાં પાણી આવી ગયું પણ, ................................

.......................................................................................................

(૪) મિન્ટુડા, તું ગોળ બનાવવાની વાતો તો કરે છે પણ હવે ................................

.......................................................................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આવું કોણ બોલી શકે?

(૧) અમે તો પોતાના વજન કરતાં પાંચ ગણું વજન ઊંચકી શકીએ છીએ. [....................]

(૨) જે રંધાયું છે તે જ ખાવાનું છે. તારી જીદ હું પૂરી કરવાની નથી. [....................]

(૩) મમ્મી મારે તો પાંખોવાળી પેન્સિલ જોઈએ. [....................]

(૪) સ્વાદના ચટાકા પૂરા કરવા હોય તો ખેતરમાં કામ પણ કરવું પડે. [....................]

(૫) અરે, વાહ! આટલો બધો ગોળ...ગોળ...જ ગોળ... મજા પડી જશે. [....................]

(૬) રામજીબાપા, આને કાંઈ સમજાવો ને! [....................]

(૭) આ ખાંડ લઈ જાઓ. એક દિવસ ગોળના બદલે એને ખાંડ ખવડાવો. [....................]

(૮) હેં રામજીબાપા, આ ગોળ કેવી રીતે બને? [....................]

- **વાહ! ચોથીવાર ગીતડું : ખિસકોલીબહેન ઊઠ્યાં... પછી નીચેનાં વાક્યો વાંચી તેમ કહો.**

(૧) તમારો જોડીદાર બાલમંદિરમાં ભણે છે. તેને કહો કે મિન્ટુ કેવો છે.

(૨) તમારો જોડીદાર મમ્મી બને. તેને મંછીબેન વિશે કહો.

(૩) તમારા મિત્ર/સખી રામજીબાપાને ઓળખતાં નથી. તેમને રામજીબાપાની વાત કરો.

(૪) તમે મિન્ટુના પપ્પા છો. નવું પેન્ટ લેવા મિન્ટુ તમારી સામે રિસાયો છે.

## શામાંથી શું બને? તમે શું બનાવશો? લખો.

| ક્રમ | વસ્તુ | શું બને? | હું બનાવીશ. |
|---|---|---|---|
| ૧ | શેરડી | | દાંડિયા, સાકર |
| | | | |
| ૨ | દૂધ | | |
| | | | |
| ૩ | બાજરી | | |
| | | | |
| ૪ | મકાઈ | | |
| | | | |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | |
|---|---|---|---|
| ૫ | મગફળી | | |
| | | | |
| ૬ | | | |
| | | | |
| ૭ | | | |
| | | | |

**મિન્ટુભાઈની વાત તો તમને ખબર છે. તે વાત ખૂબ ટૂંકમાં લખો.**

મિન્ટુ નામનો ખૂબ જ જિદ્દી એવો એક મકોડો હતો. તેને ગોળ ખૂબ જ ભાવતો હતો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

- **આવ્યો રે વારો ગીતડાનો : ખિસકોલીબહેન ઊઠયાં...**

**રમત રમવા તૈયાર છોને! તો જૂથમાં ગોઠવાઈ જાઓ.**

૧. ત્રણ મિનિટમાં લખો કે વર્ગમાં કઈ કઈ વસ્તુઓ છે. જૂથમાંથી એક સભ્ય લખે, બાકીના તેને લખાવે.

૨. તમને ગમતો વર્ણ પસંદ કરો. જેમ કે, ‘ગ’. તેનાથી શરૂ થતા માણસોનાં નામ એક મિનિટમાં લખો. જેમ કે, ગગન, ગીતા, ગૌરાંગ....

૩. કૌંસમાં આપેલા કુટુંબના નામમાંથી કોઈ એક કુટુંબમાં આવતી વસ્તુઓ કે જીવોનાં નામ લખો, પાંચ મિનિટમાં. જેમ કે, ‘રમકડાં’નું કુટુંબ હોય તો દડો, ભમરડો, લખોટી, બેટ... કપડાં, રમત, ગામ, પ્રાણી, જીવજંતુ, મીઠાઈ

**દસ વાર હથેળી ઘસો. આપેલાં વાક્યો વાંચો અને તેવાં વાક્યો બનાવીને લખો.**

૧. મેં એક પર્વત જોયો છે, એનું નામ ગિરનાર છે.

૨. હું એક એક્ટરને ઓળખું છું, એનું નામ અમિતાભ છે.

૩. મેં એક પોપટ જોયો છે, તેનું નામ બાદશાહ છે.

૪.

૫.

૬.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ઉપરનાં વાક્યો પરથી ઉદાહરણ પ્રમાણે કોઠો ભરો.**

| શું/કોણ | નામ | શું/કોણ | નામ |
|---|---|---|---|
| પર્વત | ગિરનાર | | |
| | | | |
| | | | |

**મૂળ નામને ( )માં મૂકો, પાડેલા નામને [ ]માં મૂકો.**

**ઉદાહરણ :** મારા (ગામ)નું નામ [આણંદ] છે.

- મારી નાની બહેનનું નામ 'જિજ્ઞાસા' રાખ્યું છે. પણ, હું તેને 'ચકુ' કહું છું.
- દાદા જે ઓશીકું વાપરે છે તેનું નામ અમે 'દાદશીકું' પાડ્યું છે.
- મોટા દવાખાનાનું નામ 'ગાંધી હૉસ્પિટલ' છે.
- મારી શાળાનું નામ ................................................... છે.
- તમને ખબર છે નેહાને કયો વિષય ગમે? ગુજરાતી.
- સરપંચનું ઘર વિજય સોસાયટીમાં છે.

| કોણ/ શું? | મૂળ નામ | હું આવાં નામ પાડીશ. |
|---|---|---|
| નાની બેન | અભિલાષા | અભુડી, નાનુની, |
| શેરીનો કૂતરો | | |
| ગલૂડિયું | | |
| બિલાડી | | |
| ગુજરાતીના શિક્ષક | | |
| ભાઈબંધ/બહેનપણી | | |
| બંદર | | |
| શહેર | | |
| તમારું ગામ | | |
| ત્રીજા ધોરણનું ગુજરાતીનું પાઠ્યપુસ્તક | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લીટી દોરેલા શબ્દો માટે પ્રશ્નોના જવાબ તરીકે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

૧. જૂઈ પાસે એક જ ચાવી છે જ્યારે નિવેદિતા પાસે ચાવીઓનું <u>ઝૂમખું</u> છે.
ઝૂમખાંમાં કેટલી ચાવીઓ હશે? એક/સાત

૨. બાગમાં <u>ઘણાં</u> છોકરાંને રમતાં જોઈ દાદા ખુશ થઈ ગયા.
બાગમાં કેટલાં છોકરાં હશે? ઘણાં બધાં/એક પણ નહીં.

૩. ભારત દેશનું <u>લશ્કર</u> ખૂબ જ શક્તિશાળી છે.
લશ્કરમાં કેટલા સૈનિક હોય? દસ/હજારો

૪. મિરઝાપુરના બજારમાં લોકોની <u>ભીડ</u> જામી હતી.
ભીડમાં કેટલા લોકો હશે? પાંચ/પાંચસો

૫. રામજીભાઈ ગાયોનું <u>ધણ</u> લઈને સવારે ખેતરે જાય છે.
ખેતરમાં કેટલી ગાયો હશે? દસ-બાર કે તેથી વધારે/એક કે તેથી ઓછી

૬. પક્ષીઓએ બાજરીનો <u>ઢગલો</u> જોયો ને આનંદમાં આવી ગયાં.
કોઈ ઢગલામાં કેટલી બાજરી હશે? પાંચ દાણા/પાંચ કિલો.

- **આપેલા શબ્દો સમૂહ માટે છે કે એક વસ્તુ વ્યક્તિ માટે પાડેલાં નામ છે? કહો.**

લૂમ, વરરાજા, જાન, દાંતનું ચોકઠું, ગાય, પુષ્પગુચ્છ, તાળું, ટ્રેન, રૂમ, થોકડી, વરઘોડો, કૂતરું, સભા, ટોળું, છોકરી, ઝૂડો, ચકલી, ધણ, જૂથ, મયૂર, ઘર

## અટકચાળો શું કરે? આવો, જોઈએ.

### અટકચાળો પવન

જાણું ના રે! રોજ પવન
એવું તે શું થાય?
રાત પડે ને સૂ સૂ કરતો
ક્યાંથી એ ફૂંકાય?
એનાથી બચવા હું બેસું
બંધ કરું ઘર મારું.
ઘરની સાંકળને ખખડાવે,
ખખડાવે બંધ તાળું!
ઝાડોને ડોલાવી મૂકે,
નળિયાં પણ ખખડાવે,

નાનકડા મારા દીવાને
થર થર એ થથરાવે!
દુનિયા આખી ઓછી પડી કે
ઘર મારું ખખડાવે?
જાય ગમે ત્યાં ભલે બીજે એ
શીદને, મને સતાવે.
જાણું ના રે! જાણું ના રે!
કેમ પવનને વારું !
ઝપટે મારો દીવો ઠારી
કરી જતો અંધારું !

- સ્નેહરશ્મિ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા આવી?
  - પવન તમને ક્યા ક્યા સમયે સારો લાગે છે?
  - આ કવિતામાં પવન જે કાંઈ કરે છે તે સારું લાગે તેવું છે કે તકલીફ કરે તેવું?
  - આમાં પવને શું કર્યું તેમાંથી તમને સૌથી વધારે ડર લાગ્યો?
  - મમ્મી/પપ્પા તમને એવું ક્યારે ક્યારે કહે છે કે હવે હેરાન ન કર?
  - તમારે કોઈને હેરાન કરવા હોય તો તમે શું શું કરો?
  - તમારા ઘરમાં સૌથી વધુ અટકચાળાં કોણ કરે છે? તે શું કરે છે?
  - મારા વર્ગનો <u>જયેશ</u> એટલો મસ્તીખોર છે કે જ્યાં બધાં શાંતિથી બેઠાં હોય ત્યાં પણ તે કંઈ ને કંઈ અટકચાળાં કરતો જ હોય છે એટલે અમે તેને અટકચાળો <u>જયેશ</u> કહીને બોલાવીએ છીએ.' વાક્યમાં જરૂરી ફેરફાર કરીને લીટી કરેલ શબ્દોને સ્થાને તમારા મિત્ર અથવા વિદ્યાર્થીનું નામ બોલો. તેને તમે અટકચાળો/અટકચાળી શા માટે કહો છો? જણાવો.

**તમને તો આ પ્રશ્નોના જવાબ ખબર જ છે. લખી નાખો ત્રણ-ત્રણના જૂથમાં સાથે મળીને.**

| ડાહ્યો પવન શું કરે? | અટકચાળો પવન શું કરે? |
|---|---|
| | |

- **અલ્યા, ઊભા થાવ આવ્યું હવે ગીતડું... 'ખિસકોલીબહેન ઊઠ્યાં...'**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ કાવ્યમાં કેટલીક ચીજવસ્તુઓ એવી છે જેમનો અવાજ સંભળાય પણ તે દેખાય નહીં અથવા દેખાય તો સંભળાય નહીં. ઉદાહરણ પરથી તેવી વસ્તુઓનાં નામ લખો અને યોગ્ય રીતે નિશાની કરો.

| વસ્તુ | અવાજ સંભળાય | વસ્તુ દેખાય |
|---|---|---|
| સળિયા | ✓ | ✓ |
| | | |
| | | |
| | | × |
| | × | ✓ |

⬡ વાક્યો સાચાં હોય તો 'સૂ...સૂ....' એવો અવાજ કરો. ખોટાં હોય તો 'ફુરરર....' 'બોલો. ખોટાં વાક્ય સુધારીને ફરીથી લખો.

૧. ધીમે પગલે ઘરમાં પ્રવેશતો પવન કોઈને ગમતો નથી. ..................................

૨. પોતાના દોસ્તને મળવા માટે પવને બારણું ખખડાવ્યું. ..................................

૩. જોરજોરથી ફૂંકાતા પવનથી બચવા બાળક ઘરનાં બારીબારણાં બંધ કરી દે છે.

..........................................

૪. પવન આવવાથી વૃક્ષો ડોલવા લાગ્યાં. ..................................................

૫. પવનની બીકથી દીવો ધ્રૂજવા લાગ્યો. ......................................................

૬. પોતાના ઘર સુધી પહોંચતાં પવનને રોકવા માટે બાળક યુક્તિ વિચારે છે.

.....................................

૭. ફક્ત બાળકને હેરાન કરવા માટે જ પવન રાત્રે ફૂંકાય છે. ...............................

૮. ડરના લીધે બાળક ઘરની છત પર સંતાઈ ગયું. ..........................................

૯. પવન ક્યાંથી આવે છે તેની કોઈને કંઈ જ ખબર નથી. ....................................

૧૦. પવનને કારણે ઘરમાં અંધારું થાય છે. ..................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ગીતડું, ગાઓ : 'ખિસકોલીબહેન ઊઠ્યાં...'

⬡ **જોડીમાં કામ કરો. પાન નંબર ૧૪૮ પરથી સળંગ પાંચથી સાત વાક્ય જોડીદારને લખાવો, સાથે મળી તપાસો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................


..........................................................................................

..........................................................................................

..........................................................................................

⬡ **પવન કોને શું કરાવે છે? લખો. વાક્ય બનાવો.**

કોને? શું કરાવે?




૧. પવનના ફૂંકાવાથી દીવો ઓલવાઈ જાય છે. તેથી ઘરમાં અંધારું થઈ જાય છે.

૨. ..........................................................................................

૩. ..........................................................................................

૪. ..........................................................................................

૫. ..........................................................................................

⬡ **પ્રશ્નોના જવાબ આપો.**

૧. રાત્રે ઘર બંધ કરતી વખતે બાળકને પવન વિશે શું વિચાર આવે છે?

૨. પવન ઘરની અંદર ક્યાં અટકચાળાં કરે છે?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. પવન ઘરની બહાર કયાં અટકચાળાં કરે છે?

૪. 'કેમ પવનને વારુ' એવું કવિ પૂછે છે, તેમને યુક્તિ બતાવો.

**આખી વાત ફરિયાદ તરીકે વર્ગમાં/જૂથમાં રજૂ કરવાની છે. પહેલાં એ લખી લો.**

અરે! આ અટકચાળા પવનિયાથી તો હું હેરાનહેરાન થઈ ગઈ/ગયો છું. એ તોફાની રોજ રાતે

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**ફકરો મોટેથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.**

મકોડો કહે, ''ફળફૂલ કાંઈ પંખીડાંનાં એકલાંનાં જ છે? આપણાં પણ છે.'' મકોડી કહે, ''સાચી વાત ! આપણા મકોડાંનેય રસ ભાવે જ છે.'' ચાલો છોકરાં, મારી પાછળ. કહેતાં મકોડો તો ચડ્યો આમલીની ડાળે. તે દિવસે મકોડું ત્રણ, મકોડું બાર અને મકોડું બાવીસે પેટ ફાટી જાય એટલો રસ પીધો. અને બાકીનાં મકોડાં? એ બિચારાં આમલી ખાવા આવેલા છોકરાના પગ તળે....

૧. આમલી પર સૌથી પહેલાં કોણ ચઢ્યું?

૨. પરિવારના સભ્યોનાં નામ લખો :

- મકોડા : .........., મકોડી, મકોડું
- ......... : છોકરો, .........., છોકરું

૩. ઓળખ લખો : બિચારો મકોડો

- બિચારી .........., .......... મકોડું, બિચારાં ..........
- ......... .........., .......... છોકરી, દોઢડાહ્યાં ..........

૪. ખોટો વિકલ્પ છેકો : મકોડો બોલી/બોલ્યો, ''ચાલો મારી પાછળ.'' બધાં મકોડાં આમલીએ ચઢ્યો/ચઢ્યા/ચઢ્યાં.

**હસો અને ભજવો.**

મોટુ : હું વીસ વર્ષથી એકનું એક જોઉં છું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

છોટુ : એ શું?

મોટુ : જ્યારે ફાટક બંધ હોય છે ત્યારે જ ટ્રેન આવે છે.

### લગભગ સરખા :

**કૂંપળ**-નવું ફૂટતું પાદડું; **કેવળ**-ફક્ત; **લોહીલુહાણ**-લોહીના રેલાથી ખરડાઈ ગયેલું; **બચકું**-કરડવું તે; **વાઢ**-શેરડીનું ખેતર કે વાવેતર; **ચિચોડો**-શેરડીનું કોલું, ગોળ બનાવવા વપરાતું સાધન; **બળતણ**-બાળવા માટેની સામગ્રી; **કૂચા**-(અહીં) શેરડીમાંથી રસ કાઢ્યા પછી જે વધે તે.




### તને સાંભરે રે...

- કયા કયા નવો શબ્દો શીખ્યા? તે શબ્દો આવતા હોય તેવાં વાક્ય બોલો.
- તમને બોલવાં/સાંભળવાં ગમે તેવાં વાક્ય યાદ છે? બોલો.
- મિન્ટુડાની વાર્તા મોટેથી વાંચીએ તો કેટલી વાર થાય? મનમાં વાંચીએ તો કેટલી વાર થાય?
- તમને આવડતું હોય પણ ભણવામાં પહેલી વાર આવ્યું હોય તેવી આ એકમમાં કોઈ બાબત આવી?
- મંછીબેન મિન્ટુડાને રામજીબાપા પાસે લઈ જાય છે તે પછી તે તમને ખ્યાલ આવી ગયેલો? કેમ?
- પોતાનાં રિસામણાં વિશે બધાંએ વાત કરી તેમાંથી તમને કોની વાત પર હસવું આવ્યું?
- ચોક્કસ સમયમાં રમત રમવાની થઈ ત્યારે તમને શું લાગણી થઈ હતી?
- તમને કઈ પ્રવૃત્તિ એક જ વારમાં આવડી ગઈ હતી? આવડી ગઈ ત્યારે તમને શું લાગણી થઈ હતી?
- કઈ સૂચના વાંચવાની અને તે મુજબ કામ કરવાની સૌથી વધુ મજા આવી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in